

સેક્ટર-૩માં શોપીંગ નજીક એક ભુવો પડતાં લોકો ચિંતાતુર બન્યા છે. (તસવીર : કશ્યપ નિમાવત)

# આજે ગાંધીનગર મનપા ઘરવખરીની એક હજાર કીટ પાલનપુર મોકલશે

## જન્મ દિવસની અનોખી રીતે ઉજવણી કરવાનો મનપાનો સંકલ્પ

ગાંધીનગર, તા. ૧

આજે ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા બનાસકાંઠાના અસરગ્રસ્તો માટે એક હજાર ઘરવખરીની કીટ તેમજ એક હજાર જેટલા ફૂડપેકેટ્સ મોકલવામાં આવશે.

આ લઈ જતા વાહનને આજે મેયર શ્રીમતિ હંસાબેન મોદી, ડે. મેયરશ્રી કાર્તિક પટેલ અને સ્ટેન્ડીંગ કમિટીના ચેરમેન શ્રી રાકેશ પટેલ તથા ગુડા ચેરમેન આશિષ દવે, મ્યુનિ. કમિશનર શ્રી ચૌધરી મનપાના મેદાનમાંથી વિદાય આપશે.

ગાંધીનગર શહેરના જન્મદિનની નોખી રીતે ઉજવણી કરવાના ભાગરૂપે મહાનગરપાલિકાએ અસરગ્રસ્તો માટે ૨૧ જેટલી જુદી જુદી વસ્તુઓ જેવી કે ૧ કિલો તેલ, ૧ કિલો ગોળ, કઠોળ, તેમજ મસાલાના જુદા જુદા પેકેટ્સ સહિતની આ કીટ તૈયાર કરી છે.

આ કીટ ઉપરાંત સુકા નાસ્તામાં સિંગ, ચણા, મગ તેમજ સુખડી અને બિસ્કીટના પેકેટ્સ તૈયાર કર્યા છે. આજે સવારે શહેરના જન્મ દિવસે જ મનપા દ્વારા આ કીટ ભરેલા વાહનને વિદાય આપવામાં આવશે.

ગાંધીનગર મહાનગર-પાલિકાના ડે. મ્યુનિ. કમિશનર શ્રી બારૈયા બનાસકાંઠામાં સ્થાનિક તંત્રને મદદરૂપ થવા માટે સરકારે ત્યાં નિયુક્ત કર્યા છે અને ત્યાં પહોંચી તેમણે કામગીરી પણ હાથ ધરી દીધી છે જે ઉલ્લેખનીય છે.

બીજી તરફ ગાંધીનગર જિલ્લા વહીવટીતંત્ર દ્વારા પણ આજે વધુ ૧૦ હજાર જેટલા ફુડપેક્ટ્સ રવાના કરવા માટેની કામગીરી હાથ ધરવામાં આવી છે.

જિલ્લામાંથી બનાસકાંઠામાં ઉભી થયેલી પરિસ્થિતિમાં અત્યાર સુધીમાં ૪૫ હજારથી વધુ ફૂડપેકેટ્સ મોકલવામાં આવ્યા છે.

## ખૂણે ખાંચરેથી...

- ગાંધીનગરમાં પંચદેવ મંદિરથી ઘ-૬ તરફ જવાના રસ્તા પર તેમજ આયુર્વેદ હોસ્પિટલ ક્રોસ રોડ પર અને સે. ૨૩માં જવાના કડી સર્વ વિદ્યાલય રોડ સહિતની સ્ટ્રીટલાઈટો બંધ રહેતા વસાહતીઓમાં નારાજગી છે.
- ગાંધીનગર જિલ્લા પંચાયતની આરોગ્ય શાખાની ત્રણ મેડીકલ ટીમો આજે બનાસકાંઠા જવા રવાના થઈ છે.
- પંચાયત સેવા પસંદગી બોર્ડ દ્વારા લેવાયેલ મુખ્ય સેવિકાની પરીક્ષાનું પરિણામ જાહેર થયું છે.
- મહિલા ક્રેડીટ સોસાયટી ગુજરાતની અમરેલી શાખાના ઉદ્ઘાટન સમારોહમાં ભાગ લેવા ૨૫થી વધુ મહિલા આગેવાનો અમરેલી ગઈ છે.
- આઈ.આઈ.ટી. ગાંધીનગર કેમ્પસમાંથી મેલેરિયા પોઝીટીવના ત્રણ કેસ મળ્યા છે.
- માર્ગ-મકાન વિભાગના સચિવ તરીકે શ્રી પી. જે. પટેલે આજે વિધિવત્ ચાર્જ સંભાળી લીધો છે.
- ગાંધીનગર શહેરની વિવિધ પ્રા. શાળાઓમાં ખાલી પડેલી ૧૦ જેટલી જગ્યાઓ પર બદલીથી શિક્ષિકાઓ અને શિક્ષકો હાજર થયા છે.

# જર્જરિત સરકારી આવાસમાં આફતનો વરસાદ વરસ્યો..!!!

## સેક્ટર-૨૨માં જ-ટાઈપમાં રહેતા પ્રવિણભાઈ પટણીના પુત્ર પર બારીનું છજુ તુટી પડતા મલ્ટીપલ ફ્રેક્ચર : ઈન્કવાયરી ઓફિસમાં અનેકવાર રજુઆતો કરી પણ કોઈ જોવા સુદ્ધાં આવતુ નથી

ગાંધીનગર, તા. ૧

ગાંધીનગરમાં તાજેતરમાં વરસેલા તોફાની વરસાદે સર્જેલી ખાનાખરાબીથી પર્યાવરણ પ્રેમીઓ ખુબ વ્યથિત થયાં છે. જો કે એક માસ અગાઉ નગમાં વરસેલો વરસાદ સે. ૨૨માં રહેતા એક પોલીસકર્મી પરિવાર પર આફતનો વરસાદ થઈ વરસ્યો હતો.

સે. ૨૨માં જ-ટાઈપના મકાન નં. ૧૭/૨માં રહેતા અને ડી.એસ.પી. કચેરીમાં કોન્સ્ટેબલ તરીકે ફરજ નિભાવતા પ્રવિણભાઈ પટ્ટણીના ૨૧ વર્ષીય પુત્રને તા. ૨૪મી જુલાઈએ પડેલા વરસાદે ત્રણ મહિના માટે ખાટલા ભેગો કરી દીધો છે. તેમના જર્જરિત સરકારી આવાસની બારીના છજાનો ભાગ વરસાદમાં તુટીને દિકરાના પગ પર પડતા થાપાના ભાગે અને પાનીના ભાગે ભયંકર ઈજાઓ થવા પામી હતી. સારવાર માટે તેને તાત્કાલિક સિવિલ હોસ્પિટલ લઈ જવામાં આવ્યો હતો. જ્યાં તેને મલ્ટીપલ ફ્રેક્ચર હોવાનું નિદાન કરવામાં આવ્યું હતું. ઈન્ફોસીટીમાં એક સીક્યુરીટી ઓફિસમાં કામ કરતા આ યુવાનને છેવટે હાઈટેક હોસ્પિટલમાં ઓપરેશન કરવામાં આવ્યું હતું. જેમાં થાપાના ત્રણ પ્લેટ નાંખવી પડી છે અને ડૉક્ટરે ત્રણ મહિના માટે સંપૂર્ણ બેડરેસ્ટની સલાહ આપી છે.



પ્રવિણભાઈના જર્જરિત સરકારી આવાસમાં ઘણા સમયથી પોપડા ઉખડીને પડે છે તે માટે તેમણે અનેક વખત સે. ૨૨ની ઈન્કવાયરી ઓફિસમાં રજૂઆતો કરી પણ કોઈએ જોવા સુદ્ધાં આવવાની તસ્દી લીધી નથી. પુત્રને બારી પરના જર્જરિત છજાનો ભાગ તુટી પડવાથી થયેલી ઈજા બાદ તેમણે ફરી રજૂઆત કરી તો ઈન્કવાયરીમાંથી જવાબ મળ્યો કે તમને એ ઘર ના ફાવતુ હોય તો બદલી નાંખો. પ્રવિણભાઈએ ઘર બદલવા પણ અરજી આપી જે હજી સુધી કચેરીની ફાઈલોમાં ધૂળ ખાય છે. હાલની વરસાદી સીઝનમાં છતમાંથી સતત પાણી વરસે છે. જેના કારણે એકવાર તો તેમના નાના દિકરાને ઈલેક્ટ્રીક કરંટ પણ લાગી ચુક્યો છે. વીજ કરંટનું જોખમ હોવાથી તેઓ પોતાના ઘરનો પંખો પણ ચલાવી શકતા નથી. જેના કારણે ખાટલે પડેલા પુત્રને ઉકળાટના માહોલમાં અસહ્ય તકલીફ વેઠવી પડી રહી છે. છેવટે કંટાળીને પ્રવિણભાઈએ મકાનનું પોતાના ખર્ચે રીપેરીંગ કરાવ્યું. આમ છતાં હજુ પણ છતમાંથી પાણી વરસવાનું ચાલુ જ છે. હવે તો ક્યારે સરકારી સાહેબો પ્રવિણભાઈના પરિવારની વેદના સમજી મકાનને રીપેર કરી આપશે તે અટકળ બાંધવી મુશ્કેલ છે. આ દરમ્યાન હજુ વધુ કોઈ અકસ્માત સર્જાશે અને કોઈ જાનહાનિ થશે તો તે માટે જવાબદાર કોણ રહેશે ? હાલ તો પ્રવિણભાઈનો પરિવાર ભગવાન ભરોસે આ આવાસમાં વસવાટ કરી રહ્યો છે.

# સેક્ટર-૧૧ વોડાફોન સ્ટોરમાં એસ.ઓ.જી.નો દરોડો

## રજીસ્ટર નિભાવણી ન કરતા હોવાનું બહાર આવતા સંચાલક સામે ગુનો દાખલ

ગાંધીનગર, તા. ૧

મોબાઈલ શોપના સંચાલકોએ મોબાઈલ તથા સીમકાર્ડની લે-વેચ કરતી વખતે તમામ ડેટાનું રજીસ્ટર નિભાવવુ ફરજીયાત કરતુ જાહેરનામુ જિલ્લા કલેક્ટર દ્વારા સુરક્ષા અને સલામતીના કારણોથી પ્રસિદ્ધ કરેલુ છે. જે અન્વયે ગાંધીનગર એસઓજી દ્વારા આકસ્મિક ચેકીંગ ચાલતુ રહે છે. ૩૦ ઓગષ્ટે સાંજે સે. ૧૧માં સ્થિત વોડાફોન સ્ટોરમાં ચેકીંગ કરતાં જાહેરનામાનો ભંગ કરતાં હોવાનું ધ્યાને આવતા સંચાલક સામે ગુનો દાખલ કરવામાં આવ્યો છે. ગાંધીનગર એસ.ઓ.જી. પી.આઈ. પરાગ ચૌહાણની સુચનાથી તેમની ટીમે વિવિધ શૉપમાં ચેકીંગ શરૂ કર્યું હતું. સેક્ટર-૧૧ વૉડાફોન સ્ટોરમાં ચેકીંગ કરતાં ધ્યાને આવ્યું હતું કે ત્યાં રજીસ્ટર નિભાવવામાં આવતુ નથી. જેને આધારે ગાંધીનગર એસ.ઓ. જી.ની ટીમે વોડાફોન સ્ટોરના સંચાલક પરેશ ચૌહાણ સામે જાહેરનામા ભંગનો ગુનો નોંધી તેની સામે કાયદેસરની કાર્યવાહી શરૂ કરી છે.

## સ્ટેટ મોનીટરીંગ સેલમાં આઈજીપીની પોસ્ટ ઉભી કરાઈ

રાજ્યના પોલીસ ખાતામાં મોનીટરીંગ સેલને વધુ સક્ષમ બનાવવાના હેતુસર સીઆઈડી ક્રાઈમ આઈજીપીની એમ્સ કેડરની ખાલી જગ્યાને સ્ટેટ મોનીટરીંગ સેલ આઈજીપીની એમ્સ કેડર જગ્યા તરીકે તબદીલ કરી સ્ટેટ મોનીટરીંગ સેલમાં આઈજીપીની પોસ્ટ ઉભી કરવામાં આવી છે. ગાંધીનગર રેન્જના આઈજીપી હસમુખ પટેલને ગૃહ વિભાગે તાત્કાલિક અસરથી આ એમ્સ કેડર જગ્યાનો વધારાનો હવાલો સોંપ્યો છે.


**સરદાર સરોવર નર્મદા નિગમ લિમિટેડ**

(ગુજરાત સરકારનું સંપૂર્ણ માલિકીનું સાહસ)

જાહેર નિવિદા નં.૨ સને ૨૦૧૫-૧૬

સરદાર સરોવર નર્મદા નિગમ લિમિટેડ ગાંધીનગરની વડી કચેરી દ્વારા નીચે જણાવેલ કામો માટે સીલબંધ કવરમાં સ્પીડ પોસ્ટ રજી પોસ્ટ / કુરીયરથી ભાવો મંગાવવામાં આવે છે.

| અનુ નં. | કામની વિગત | ભાવપત્રક ફી અંદાજીત કિંમત | ઈસ્યુ કરવાની છેલ્લી તારીખ | સ્વીકાર કરવાની છેલ્લી તારીખ | ભાવપત્રક ખોલવાની તારીખ |
|---|---|---|---|---|---|
| ૧ | વાર્ષિક અહેવાલ છાપકામ / ડીઝાઈન તથા બાઈન્ડીંગ કામ અંગેના ભાવો મોકલવા બાબત | રૂ. ૨૦૦/- રૂ. ૨,૦૦,૦૦૦/- | ૧૩/૮/૨૦૧૫ | ૨૧/૮/૨૦૧૫ | ૨૪/૮/૨૦૧૫ |

નોંધ : કોરા ભાવપત્રક ફોર્મ આસી. જન.મેને. (વહીવટ) સરદાર સરોવર નર્મદા નિગમ લિમિટેડ, ૨જો માળ, બ્લોક-૧૨, સચિવાલય ગાંધીનગર વહીવટી શાખામાંથી અરજી સાથે ભાવપત્રક ફી રોકડથી ભરપાઈ કર્યા બાદ ઈસ્યુ કરવામાં આવશે. ભાવપત્રક અંગે વધુ વિગત માટે ફોન નં. ૨૩૨૫૨૩૮૭ તથા ૨૩૨૫૨૪૫૨ સંપર્ક કરવાનો રહેશે. વેબસાઈટ : wwww.sardarsarovardam.org

આસી. જનરલ મેનેજર
સસનનિલિ, ગાંધીનગર

માહિતી/૧૦૫૮/૨૦૧૫-૧૬



**ફ્લેટ વેચવાનો છે**

સે.૩૦, ૨-બેડરૂમ, ડ્રોઈંગ રૂમ, કીચન, અગાસી સાથે બીજે માળ, ગેસ પાઈપલાઈન, ફીક્સ ફર્નીચર સાથે. જોવા માટે રવિવારે સવારે ૧૧-૦૦ થી ૧-૦૦ બપોરે ૩-૩૦થી ૭-૦૦ વાગ્યા સુધી

મો. : ૯૦૯૯૯ ૨૯૧૨૭
મો. : ૯૮૨૫૭ ૮૩૧૫૭





